# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date :29-05-2025 Day: Thursday Morning : 6.50 to 6.55 am**

આકાશવાણી ભુજ સમાચાર **કલ્પના શાહ** વાંચે છે.

---

## ગ્રામ પંચાયતોની ચુંટણીની જાહેરાત:

રાજ્યના ચૂંટણી પંચે ગઇકાલે ગ્રામ પંચાયતોની ચૂંટણીની જાહેરાત કરી છે. આગામી 22 જૂને ચાર હજાર 688 ગ્રામ પંચાયતની સામાન્ય અને ત્રણ હજાર 638 ગ્રામ પંચાયતની પેટા-ચૂંટણી યોજાશે. જ્યારે 25 જૂને મત ગણતરી હાથ ધરાશે. ચૂંટણીની જાહેરાત થતાં જ આદર્શ આચારસંહિતા અમલમાં આવી છે.

મુખ્ય ચૂંટણી અધિકારી ડૉક્ટર એસ. મુરલીક્રિષ્નાએ જણાવ્યું કે, ચૂંટણી માટેનું જાહેરનામું બીજી જૂને પ્રસિદ્ધ કરાશે. ઉમેદવારો નવ જૂન સુધી ઉમેદવારીપત્ર ભરી શકશે. આ ચૂંટણીમાં રાજ્યના એક કરોડ 30 લાખથી વધુ મતદારો મતાધિકારનો ઉપયોગ કરશે. દરમિયાન મતદાન માટે બેલેટ પેપરનો ઉપયોગ કરાશે. કચ્છમાં 407 ગ્રામ પંચાયતોમાં ચૂંટણી યોજાશે.

**-----------------------------------------------------------------------------------------------**

## ખરીફ પાક માટે લઘુત્તમ ટેકાના ભાવમાં વધારાને મંજુરી:

આર્થિક બાબતોની મંત્રીમંડળ સમિતિએ માર્કેટિંગ સીઝન 2025-26 માટે ચૌદ ખરીફ પાક માટે લઘુત્તમ ટેકાના ભાવ (MSP) માં વધારો કરવાની મંજૂરી આપી છે. કેન્દ્રીય માહિતી અને પ્રસારણ મંત્રી અશ્વિની વૈષ્ણવે પત્રકારોને માહિતી આપતા, જણાવ્યું સરકારે ખરીફ પાકના MSP માં વધારો કર્યો છે, જેથી ઉત્પાદકોને તેમના ઉત્પાદન માટે લાભદાયી ભાવ મળે.

મંત્રીમંડળે 2025-26 માટે સુધારેલી વ્યાજ સબસિડી યોજના હેઠળ વ્યાજ સબસિડી ઘટક ચાલુ રાખવાની મંજૂરી આપી છે.

**-----------------------------------------------------------------------------------------------**

## રાજ્યમંત્રી મંડળની બેઠક:

ગાંધીનગરમાં ગઇકાલે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં મળેલી મંત્રીમંડળની બેઠકમાં ગુજરાતની સ્થાપનાના 75 વર્ષની ઉજવણી પહેલાના લક્ષ્યાંક અંગે વ્યૂહરચના તૈયાર કરવા અંગે ચર્ચા થઈ. તેમજ રાજ્યમાં કમોસમી વરસાદ અને તેના કારણે પાકને થયેલા નુકસાન અંગેની સમીક્ષા કરવામાં આવી.

ઉલ્લેખનીય છે કે, તાજેતરમાં જ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ રાજ્યના પ્રવાસ દરમિયાન ગુજરાતની સ્થાપનાના 75 વર્ષની ઉજવણી પહેલા મહત્વના લક્ષ્યાંક નક્કી કરવા સૂચન આપ્યું હતું.

---

## મોકડ્રીલ મોકુફ:

'ઓપરેશન સિંદૂર'ની સફળતા બાદ આગોતરી તૈયારીના ભાગરૂપે ફરી એકવાર ગુજરાતમાં સિવિલ ડિફેન્સની 'ઓપરેશન શિલ્ડ' મોકડ્રિલ યોજવાનો નિર્ણય કરાયો હતો. જોકે, કેન્દ્ર સરકાર દ્વારા મોકડ્રિલ મોકૂફ રાખવાનો નિર્ણય કરાતા રાજ્ય સરકાર દ્વારા આજે યોજાનાર નાગરિક સંરક્ષણ કવાયત વહીવટી કારણોસર મોકૂફ રાખવામાં આવી છે. જે અનુસંધાને આજે જિલ્લા મથક ભુજના સ્મૃતિવન મ્યુઝિયમ એન્ડ મેમોરિયલ ખાતે યોજાનાર નાગરિક સંરક્ષણ મોકડ્રિલ પણ મોકુફ રખાઈ છે.

---

## જંગલ સિવાયના વિસ્તારમાં વૃક્ષ ગણતરીનો પ્રારંભ:

**જીલ્લામાં રાજ્યની સાથે જ જંગલ સિવાયનાં વિસ્તારોમાં વૃક્ષોની ગણતરીનો પ્રારંભ કરવામાં આવ્યો છે. સામાજિક વનીકરણ વિભાગ દ્વારા પૂર્વ-પશ્ચિમ, બન્ની અને સામાજિક વનીકરણ મળી કુલ ચારેય વિભાગના સંયુક્ત ઉપક્રમે આ વૃક્ષ ગણતરી કરવામાં આવી રહી છે.**

સામાજિક વનીકરણ કચ્છનાં નાયબ વનસંરક્ષક હરેશભાઇ મકવાણાએ જણાવ્યું હતું કે, સરકાર તરફથી નક્કી કરેલા જિલ્લાનાં કુલ 46 ગામોમાં વૃક્ષ ગણતરીની કામગીરી શરૂ કરાઇ છે, આ કામગીરી 30 મે સુધી ચાલશે. કુલ ત્રણ તબક્કામાં વૃક્ષની ગણતરી કરવામાં આવશે, જેમાં ગ્રામતળનાં વૃક્ષો અને બ્લોક વાવેતર તેમજ પટ્ટી વાવેતર, શેઢા પાળે તથા છૂટાછવાયા વૃક્ષોને આવરી લેવામાં આવશે. ગણતરી સમયે ખાસ કરીને વૃક્ષની પહોળાઇ માપન કરવામાં આવી રહ્યું છે.

---

"સ્વસ્થ ગુજરાત – મેદસ્વિતા મુક્ત ગુજરાત":

બદલાતી જતી જીવનશૈલી તથા અયોગ્ય આહારની આદતોના કારણે લોકો મેદસ્વિતાનો ભોગ બની રહ્યા છે.. સ્વાસ્થ્યની સમસ્યા સાથે મેદસ્વિતા યુવાનોનો આત્મવિશ્વાસ પણ છીનવી લે છે. ત્યારે ભુજના પિયુષ ઠક્કર અનેક યુવા માટે મેદસ્વિતાથી મુક્ત થવાની યાત્રા શરૂ કરવા માટે પ્રેરણારૂપ છે. એક સમયે મેદસ્વિતાનો ભોગ બનેલ પિયુષે આત્મબળ તથા યોગ્ય દિનચર્યાના પરિણામે દોઢ વર્ષમાં ૪૧ કિ.ગ્રા વજન ઘટાડીને પોતાને પુન:શરીર શૌષ્ઠવ હાંસલ કર્યું છે. તેમણે કહ્યું કે  નરેન્દ્ર મોદીએ "મન કી બાત" કાર્યક્રમમાં મેદસ્વિતાથી મુક્તિ માટે દેશવાસીઓને આહવાન કર્યુ હતું. જે આહવાનને રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ઝીલી લઈ તેમના નેતૃત્વમાં "સ્વસ્થ ગુજરાત – મેદસ્વિતા મુક્ત ગુજરાત" અભિયાનનો શુભારંભ કર્યો છે ત્યારે મેદસ્વિતાથી પીડાતા નાગરિકો જાગૃત બનીને મેદસ્વિતા સામે સામૂહિક જાગૃતિ અને લડત ચલાવી મેદસ્વીતા મુક્ત બને તેમ જણાવ્યું હતું.

---

હવમાન:

રાજ્યમાં આગામી બે દિવસ છૂટાછવાયા સ્થળ પર હળવાથી મધ્યમ વરસાદની આગાહી છે. આજે  ઉત્તર અને દક્ષિણ ગુજરાત તેમજ સૌરાષ્ટ્ર-કચ્છના તમામ જિલ્લાઓમાં ભારે પવન સાથે વરસાદની સંભાવના છે.

રાજ્યમાં 30 મૅ-થી કમોસમી વરસાદનું જોર ઘટશે તેમ હવામાન વિભાગે જણાવ્યું છે. બીજી તરફ, માછીમારોને 30 મૅ-થી પહેલી જૂન સુધી દરિયો ન ખેડવા પણ સૂચન અપાયું હોવાનું હવામાન ખાતાના નિયામક ડૉક્ટર એ. કે. દાસે જણાવ્યું.

---